**C.C.NO.1329-2016**

**આંક ૧ અન્વયે હુકમ.**

(૧) ફરીયાદીને સાંભળ્યા. ફરીયાદી તરફે આંક ૩ ની પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે સમન્સ/નોટિસ પક્ષકારોને કાઢતાં ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી /ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો કમ્પાઉન્ડ(દરગુજર) કરવા માંગે છે. અને તેઓને સદર કેસ આગળ ચલાવવો નથી.તેઓને સદર પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય અથવા બજેલ હોય અને હાજર થયેલ ન હોય અને રજુ થયેલ પુરસીસમા તેની સહી ન હોય તો પણ આરોપી વિરુધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમા કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? અદાલતના ધ્યાન ઉપર નીચેની ઓથોરીટી આવેલ છે.

૧. *વાય. પી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ. લો. જ. પાન નં. ૯૨૮.*

૨. *યેસુદાસ એન્ડ અધર્સ વિ. પી.એસ.આઈ. કલ્લામેસરી એન્ડ અધર્સ. ૨૦૦૮ ક્રિ. લો. જ. પાન નં. ૧૨૯૦.*

(૩) સદર ઓથોરીટીઓમા નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

એ. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦ મા કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે, ધ્વીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦(૧) અને ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાના કોલમ નં. ૩ મા જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહીં.

ડી. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતાં અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

ઈ. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦ મા ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આ જ સિધ્ધાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા "Navnitbhai Ratibhai Adhyaru v.State of Gujarat -2018(2) GLH 690" ***વાળા જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ છે.***

(૪) આમ ઉપરોકત ચુકાદાઓમા ઠરાવેલા સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ ( દરગુજર માફ ) કરવા માટેની માફ કરવાની પુરસીસમા આરોપીની સહી ફરજીયાત નથી તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદીની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફૈંસલ કરવામા આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રાખવામા આવશે તે રીતે ફરજ પાડવામા આવે તો કેસના પરિણામમા કોઈ ફેર પડયો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી/ ભોગબનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે જ કારણોસર નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે. માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામા આવે છે અને ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**– : હુ ક મ : –**

૧. આરોપી / આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦(૧)(૮)અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ. પી. કો. કલમ ૩૭૯ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામા આવે છે. / મુદ્દામાલ અપીલ સમય બાદ ફરીયાદીને માલીકી હકકની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજરોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.

તા. ૦૮/૨/૨૦૨૦

(હિતેષ જયંતીલાલ તન્ના )
એડીશનલ ચીફ મેટ્રોપોલીન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
જીજે૦૦૯૫૫